# જિલ્લામાં લોકડાઉનમાં પણ ગેસ સિલિન્ડરની સેવાઓ અવિરત રીતે કાર્યરત

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં નોવેલ કોરોના વાયરસના કારણે થયેલા લોકડાઉનની સ્થિતિમાં જિલ્લાવાસીઓને જીવન જરૂરિયાત ચીજવસ્તુઓની તકલીફ ન પડે તેની ખાસ તકેદારી રાખવા માટે જિલ્લા કલેકટર કુલદીપ આર્યએ જણાવ્યું છે.

જિલ્લા કલેકટર કુલદીપ આર્યના જણાવ્યા અનુસાર જિલ્લામાં રાંધણગેસ સિલિન્ડરની રોજની જરૂરિયાત ૯૭૪૯ સિલિન્ડરની છે. તેની સામે સ્ટોક ૧૨,૭૫૯ સિલિન્ડર છે. દરરોજ ૫ થી ૬ હજાર ગેસ સિલિન્ડર બોંટલીંગ પ્લાન્ટમાંથી આવે છે. તેથી રોજિંદી જરૂરિયાતના પ્રમાણમાં હાજર સ્ટોક ઘણો વધુ માત્રામાં હોઈ, રાંધણગેસનો સપ્લાય અવિરત ચાલું રહેશે. તેમજ ગાંધીનગર જિલ્લામાં ડિઝલની રોજિંદી જરૂરિયાત ૧૩૦ કિલોલિટર (૧ કિલોલીટર એટલે ૧૦૦૦ લિટર) છે. તેની સામે જિલ્લામાં હાજર સ્ટોકમાં ૬૩૦ કિલોલિટર ડિઝલ છે. તેમજ જિલ્લામાં નવો સ્ટોક નિયમિત રીતે આવે છે. તેની સાથે પ્રેટ્રોલની રોજિંદી જરૂરિયાત ૭૦ કિલોલિટર છે, તેની સામે જિલ્લામાં પ્રેટ્રોલનો હાજર સ્ટોક ૪૮૦ કિલોલિટર છે. જે ખૂજ વધુ માત્રામાં છે. પ્રેટ્રોલ જિલ્લામાં નવા સ્ટોકની આવક નિયમિત ચાલું છે.



ગાંધીનગર જિલ્લા કલેકટર કુલદીપ આર્યના માર્ગદર્શન હેઠળ સતત કાર્યરત જિલ્લા વહીવટીતંત્ર દ્વારા શાકભાજી, દવા, દૂધ અને કિરાણાની ચીજવસ્તુઓ લોકોને સરળતાથી મળી રહે તેવા ઉમદા પ્રયાસ કર્યો છે. સતત પાંચ દિવસથી ચાલતા લોકડાઉનમાં પણ જિલ્લાવાસીઓને રોજિંદી સેવાઓ સરળતાથી મળી રહી છે. ગાંધીનગર શહેર સહિત અુમક વિસ્તારમાં ગેસ પાઈલાઈનની સુવિધા છે, ત્યાં ગેસનો સપ્લાય નિયમિત ચાલું રહે તે માટે પણ તંત્રએ ભારે સતર્કતા દાખવી છે. તેની સાથે ગ્રામ્યકક્ષા અને જે લોકોના ઘરે ગેસ કનેકશન ઘરે નથી. તેવા લોકો માટે પણ ગેસના સિલન્ડરની સેવાઓ અવરિત ચાલું રહે અને ઝડપથી ડિલેવરી આપી શકાય તે માટે તંત્ર અને કંપનીઓ દ્વારા સુચારું આયોજન કરવામાં આવ્યું છે.



## જિલ્લામાં સરળતાથી ઘરે બેઠાં શાકભાજી મળી રહે તે માટે બજાર વ્યવસ્થા ચાલુ રખાઈ

ગાંધીનગર જિલ્લામાં કોરોના વાયરસ કોવિદ-૧૯ના સંક્રમણના પગલે લોકડાઉન જાહેર કરતાં નાગરિકોને ઘરમાં રહેવાની ફરજ પડી છે. આ લોક ડાઉન દરમ્યાન નાગરિકોને જીવન જરૂરી ચીજ વસ્તુઓમાં દરરોજ વપરાશમાં આવતી શાકભાજી સરળતાથી મળી રહે તે માટે આલમપુર ખાતે આવેલ શાકભાજી ઉત્પન્ન બજાર સમિતિ દ્વારા ખરીદી અને વેચાણ કરવામાં આવી રહ્યું છે. જેમાં સવારે ૮ વાગ્યાથી શાકભાજીની આવક આવે છે. અને રિટેલભાવથી હરાજી કરીને છુટક વેપારીઓ/ફેરિયાઓ શાકભાજી ખરીદીને છુટકભાવે વેચાણ કરવા લોકોને ઘરે બેઠાં સોસાયટી અને ફળિયાના નાકે શાકભાજી મળી રહે તે માટેની વ્યવસ્થાનું આયોજન કરવામાં આવ્યું છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં પી.ડી. એસ. સિસ્ટમ દ્વારા દિવસ દરમ્યાન પરિસ્થિતિ અંગેની સૂચનાઓનું પાલન કરવાની વિનંતીઓ કરવામાં આવે છે.
- ગાંધીનગર તાલુકાના સરઢવ ગામે આવેલ ૫૦ પથારીની સુવિધા ધરાવતી રેવાબાઈ જનરલ હોસ્પિટલ દ્વારા ઓ.પી.ડી. સારવાર વિનામૂલ્યે આપવાની તથા ઈન્ડોર પેશન્ટને ૫૦ ટકા ચાર્જથી સારવાર આપવાની જાહેરાત કરાઈ છે.
- કોરોના મહામારીને પગલે અમદાવાદ સ્થિત સરઢવના લોકો દ્વારા દર વર્ષે ‘‘મા વારાહી પગપાળા સંઘ’’નો કાર્યક્રમ મોકુફ રાખવાની જાહેરાત કરવામાં આવી છે.
- ગુજરાતના જાણીતા કથાકાર પૂ. મોરારી બાપુ દ્વારા કોરોના સહાયતા નિધિમાં ૨૫ લાખનું દાન આપવામાં આવ્યુ છે.
- ગાંધીનગર મહાનગર પાલિકાના કોંગી કાઉન્સીલર અંકિત બારોટે તેમની ગ્રાન્ટમાંથી રૂ. ૧.૫૦ લાખ કોરોના માટે ફાળવ્યા છે.
- કોર્પોરેશન વિપક્ષના નેતા અને શહેર કોંગ્રેસના આગેવાનોએ માસ્ક અને સેનીટાઈઝર પોલીસ સ્ટેશનના કર્મયોગીઓ અને જરૂરિયાત ધરાવતા લોકોને વિતરણ કર્યા હતા.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આરોગ્ય તંત્ર દ્વારા હુસ ટુ હાઉસ સર્વેલન્સ પૂર્ણ કરી લેવાયું છે. તો તંત્ર દ્વારા હવે ટેલીમેડીસીન સેવા માટે એમ.પેનલ ડૉક્ટરોની યાદી તૈયાર કરી જાહેર કરવાની દિશામાં કાર્યવાહી હાથ ધરાઈ છે.

### લોકડાઉન દરમિયાન રાજ્યમાં આવશ્યક ચીજવસ્તુઓ-સેવાઓ માટે હેલ્પલાઇન શરૂ કરાઈ

# ગાંધીનગરમાં સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરમાં 24x7 સેન્ટ્રલાઈઝડ કંટ્રોલરૂમ કાર્યરત

### હેલ્પલાઇન ૧૦૭૦ – ૦૭૯-૨૩૨૫૧૯૦૦ પર નાગરિકો સંપર્ક સાધી શકશે

ગાંધીનગર, તા. ૨૬

વિશ્વભરમાં ફેલાયેલી કોરોના વાયરસની સ્થિતીમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના નાગરિકોને સુરક્ષિત રાખવા ૨૧ દિવસનો લોકડાઉન જાહેર કર્યો છે.

ગુજરાતમાં આ લોકડાઉનના દિવસો દરમિયાન રાજ્યના સૌ નાગરિકોને દૂધ, શાકભાજી, અનાજ, દાળ, કરિયાણું વગેરે કોઈ પણ જાતની મુશ્કેલી વિના સરળતાએ મળી રહે તેવું સુદ્રઢ આયોજન રાજ્ય સરકારે હાથ ધર્યુ છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજયના હરેક નાગરિકો-પરિવારોને આવી જીવનજરૂરી ચીજવસ્તુઓ બેરોકટોક મળતી રહે તે માટે જિલ્લાના પુરવઠા તંત્રને સતત મોનિટરીંગ કરવા પ્રેરિત કર્યુ છે.

વિજયભાઈ રૂપાણીના આ દિશાનિર્દેશોને પગલે મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમાર, સહકાર સચિવ મનિષ ભારદ્વાજ અને અન્ન નાગરિક પુરવઠા સચિવ મોહમદ શાહિદે રાજ્યના બધા જ જિલ્લાના પુરવઠા અધિકારીઓ, જિલ્લા સહકારી મંડળીઓના રજિસ્ટ્રારશ્રીઓ સાથે ગાંધીનગરમાં વિડીયો કોન્ફરન્સ કરીને આવી સપ્લાય ચેઈન સુપેરે ચાલે તે માટે માઈક્રો પ્લાનીંગને આખરી ઓપ આપ્યો હતો.

મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમારે આ અંગેની વિગતો આપતાં જણાવ્યું કે રાજ્યમાં જીવન આવશ્યક ચીજવસ્તુઓ નાગરિકોને પર્યાપ્ત માત્રામાં અને સરળતાએ મળી રહે તે માટે સંપૂર્ણ તકેદારી અને મોનિટરીંગ માટે ગાંધીનગરમાં સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર જીઈઝ ખાતે એક ૨૪૮૭ સેન્ટ્રલાઈઝડ કંટ્રોલરૂમ કાર્યરત કરવામાં આવ્યો છે.

આ કંટ્રોલરૂમની હેલ્પલાઈન નંબર-૧૦૭૦ તથા ૦૭૯-૨૩૨૫૧૯૦૦ પર સંપર્ક સાધીને નાગરિકો જરૂરી વિગતો મેળવી શકે છે તેમ તેમણે ઉમેર્યુ હતું.

અશ્વિનીકુમારે રાજયમાં શાકભાજીની આવક અને ખપતની વિગતો આપતાં કહ્યું કે ગુરૂવારે સવારે રાજયની શાકભાજી મંડળીઓ-માર્કેટમાં ૫૯ હજાર કિવન્ટલ શાકભાજીની આવક રહી છે. ૧૩૬૫૫ કિવન્ટલ બટાટા, ૪૩૫૦ કિવન્ટલ ડુંગળી, ૬૯૦૦ કિવન્ટલ ટમેટા અને ૩૪૦૦૦ કિવન્ટલ લીલા શાકભાજી રાજ્યના નાગરિકોના વપરાશ માટે ઉપલબ્ધ થયેલા છે.

સમગ્ર રાજ્યમાં ૬૮ જેટલા શાકભાજી માર્કેટ કાર્યરત છે તેમજ ચૈત્રી નવરાત્રિના આ પર્વ દરમિયાન ઉપવાસ-વ્રત રાખનારા લોકોને અગવડતા ન પડે તે માટે પુરતા ફળફળાદિ પણ બજારમાં ઉપલબ્ધ છે તેની વિગતો મુખ્યમંત્રીના સચિવે આપી હતી.

તેમણે કહ્યું કે રાજ્યમાં ૬૧૦ કિવન્ટલ કેળાં, ૯૭૦ કિવન્ટલ સફરજન અને ૧૧૦૦ કિવન્ટલ અન્ય ફળફળાદિ સહિત ૨૬૮૦ કિવન્ટલ ફળોની આવક માર્કેટમાં થાય છે.

## આગામી ૯ મે થી ૭ જૂન ૨૦૨૦ સુધી ગુજરાત મહેસૂલ પંચમાં ઉનાળુ વેકેશન

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત મહેસૂલ પંચ અમદાવાદની કચેરીમાં આગામી ૯ મે થી ૭ જૂન ૨૦૨૦ સુધી ઉનાળુ વેકેશન જાહેર કરવામાં આવ્યુ છે.

આ વેકેશન દરમિયાન અરજન્ટ હિયરિંગના કેસો, કામચલાઉ મનાઈ હુકમનામા તથા જે કેસોમાં વેકેશન પહેલા બંને પક્ષકારોએ સંમતી આપી હોય જે આ પંચ દ્વારા ગ્રાહ્ય રખાઈ હોય તેવા કેસો સિવાયની સુનાવણીની કોઈ કામગીરી હાથ ધરવામાં આવશે નહીં. આ વેકેશન દરમિયાન અપીલ રિવિઝન અરજીઓ વગેરે સ્વીકારવા માટે રજાના દિવસો સિવાય પંચની કચેરીના કામકાજનો સમય સવારના ૧૦.૩૦ થી સાંજના ૬.૧૦ સુધીનો રહેશે તેમ અધ્યક્ષ, ગુજરાત મહેસૂલ પંચ અમદાવાદે જણાવાયું છે.

## જિલ્લાના શ્રમિકોની વ્યવસ્થાના સરળીકરણ માટે સમિતિ રચાઈ

ગાંધીનગર, તા. ૨૬

સમગ્ર દેશને કોરોના વાયરસના કારણે લોકડાઉન કરી દેવામાં આવ્યો છે. આગામી ૧૪મી એપ્રિલ-૨૦૨૦ સુધી લોક ડાઉન હોવાથી જિલ્લા વહીવટીતંત્ર દ્વારા શ્રમિકોના ખાવા, પીવા અને આરોગ્યલક્ષી સુવિધાઓમાં કોઈપણ પ્રકારની તકલીફ ન પડે તેની તકેદારી રાખવા માટે એક ખાસ ટીમની રચના જિલ્લા કલેકટરના આદેશથી કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં આવશ્યક સેવાઓ સિવાયના ઉદ્યોગ-એકમો-સંસ્થાઓ અને બાંધકામના સ્થળોના કામો સ્થિગત કરવામાં આવ્યા છે. જેના કારણે શ્રમિકો એક જગ્યાએથી બીજી જગ્યાએ સ્થળાંતર કરી રહ્યાં છે. અમુક શ્રમિકો પોતાના વતન જવા માટે પણ નીકળી ગયા છે. આથી આ શ્રમિકોને તેઓના પોતાના સ્થળે જ રોકાય તેવી વ્યવસ્થા ગોઠવવા તેમજ રહેવાની, જમવાની, પાણી અને અન્ય રોજિંદી જરૂરિયાત સાથે આરોગ્યલક્ષી સેવાઓની વ્યવસ્થા ઈન્સિડન્ટ કમાન્ડન્ટ, ગાંધીનગરના સંકલનમાં રહી કામગીરી કરવા માટે ચાર અધિકારીઓની એક કમિટી રચવામાં આવી છે.

આ ટીમમાં જિલ્લા ખેતીવાડી અધિકારી ડી.પી. જાદવ, જિલ્લા શ્રમ અધિકારી એ.એમ. મોદી, ચિલોડા પોલીસ સ્ટેશના પી.આઈ. એચ.એ. જાડેજા અને આર.ટી.ઓ. ઈન્સપેકટર એચ.એ. પરમારની નિમણુક કરવામાં આવી છે. આ ટીમ દ્વારા આવા શ્રમિકોને પોતાના વતન જવા માંગતા હોય તો એસ.ટી. તથા અન્ય વાહનોની વ્યવસ્થા બાબતે સબંધિત તાલુકા/જિલ્લાના ઈન્સીડન્ટ કમાન્ડર સાથે સંકલનમાં રહી શ્રમિકોને સલામત પોતાના વતનમાં પહોંચે તેવી વ્યવસ્થા કરવામાં આવશે.

# કોરોનાના વૈશ્વિક ફેલાવાથી નકારાત્મકતા વધી

### લોકડાઉનને પગલે ઘરમાં રહેવાની ફરજ પડતા માનસિક હતાશા વધી : કોરોનાના ફફડાટ વચ્ચે આર્થિક વ્યવહારો ખોરવાતા નાગરિકોમાં નકારાત્મક વિચારો વધ્યા

ગાંધીનગર, તા. ૨૬

કોરોનાના પગલે લોકડાઉનની સ્થિતિ છે. લોકડાઉનથી ઘરમાં રહેવા મજબૂર બનેલા લોકોમાં નકારાત્મકતા વધતી જાય છે. કોરોના વૈશ્વિક આંકડાઓ ભયાવહ રહેતા લોકો હતાશાનો સામનો કરી રહ્યા છે. આર્થિક પ્રવૃતિઓ પણ બંધ રહેતા નાગરિકોમાં નિરાશા વધી છે.

વૈશ્વિક મહામારીના પગલે સમગ્ર દેશમાં લોકડાઉનની સ્થિતિ છે. લોકો ઘરમાં રહેવા મજબૂર બન્યા છે. મોટાભાગની દુકાનો, શોપીંગ મોલ, બાગ-બગીચા બંધ છે. ઘરમાંથી બહાર નીકળવાનુ હવે સાવ બંધ થઈ ગયુ છે. શાકભાજી અને કરિયાણા જેવી જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ ખરીદવા મજબૂરીમાં ઘરની બહાર નીકળવુ પડે તેના સિવાય મોટાભાગના લોકો ઘરમાં કેદ છે. બાળકો અને વડીલો તો ક્યાંય દેખાતા નથી. બાળકોને વેલુ વેકેશન પડી ગયુ છે. પરંતુ કોરોનાના કારણે તેમને વેકેશનની મજા માણવા મળતી નથી બાળકો વિના બાગ-બગીચાઓ સુના છે તો મોલ મલ્ટી પ્લેક્સમાં કાગડાં ઉડે છે. આવી સ્થિતિ વચ્ચે સતત ટેન્શનમાં ઘરની ચાર દિવાલો વચ્ચે રહેવુ દુષ્કર બની ગયુ છે. તેમાંય સતત કામ કરવા ટેવાયેલો પુરૂષ વર્ગ માનસિક રીતે હતાશ બની રહ્યો છે. મીડિયામાં ચારેકોર નકારાત્મકતા ફેલાવે તેવા સમાચારો આવી રહ્યા છે જેના કારણે નિરાશા વધી છે. જેની અસર માનસિક સ્વાસ્થ્ય પર પડી છે. લોકડાઉનના કારણે આર્થિક પ્રવૃતિઓ સાવ ઠપ થઈ જતાં ઘણા લોકોને તેની ચિંતા પણ સતાવે છે. લોકોને ઘરમાં રહેવુ સજારૂપ લાગી રહ્યુ છે. લોકડાઉન દરમ્યાન માનસિક રીતે સ્વસ્થ રહેવા અને મનોબળને ટકાવી રાખવાના વિવિધ ઉપાયો લોકો શોધી રહ્યાં છે. આ સ્થિતિમાંથી ઝડપથી બહાર આવી શકાય તે માટે લોકો પ્રાર્થના કરી રહ્યા છે.

# કોરોના સામેની લડાઈમાં જોડાયેલા સૌ કર્મયોગીઓની સેવાને બિરદાવતા રાજ્યપાલશ્રી

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે કોરોનાની મહામારી સામે રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહેલી કામગીરી તેમજ સાવચેતી અને તકેદારીના પગલાં સંદર્ભે રાજભવન ખાતે યોજાયેલી ઉચ્ચ અધિકારીઓની બેઠકમાં માહિતી મેળવી હતી.

કોરોના વાયરસ સામેના આ અભિયાનમાં દિવસ-રાત કાર્ય કરી રહેલાં કર્મયોગીઓની સેવાઓને રાજ્યપાલશ્રીએ બિરદાવી જણાવ્યું તું કે વહીવટીતંત્રની દિવસ-રાતની જહેમત અને નાગરિકોના સહયોગથી કોરોના સંક્રમણના સંકટમાંથી આપણે હેમખેમ પાર ઉતરીશું.

રાજભવન, ગાંધીનગર ખાતે યોજાયેલી આ બેઠકમાં ઉપસ્થિત રહેલા મુખ્ય સચિવ અનિલ મુકીમ, રાજ્ય પોલીસ વડા શિવાનંદ ઝા, ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રીમતી સંગીતાસિંહ તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અગ્ર સચિવ ડૉ. જયંતિ રવિએ રાજ્યભરમાં કોરોના વાયરસના સંક્રમણને ખાળવા રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલી ઘનિષ્ઠ કામગીરીની માહિતી રાજ્યપાલશ્રીને આપી હતી.



આ બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરવામાં આવેલા કોરોના વાયરસ સંક્રમણથી દેશની રક્ષા માટેના ત્રણ અઠવાડિયાના લોકડાઉનના આહવાન સંદર્ભે ગુજરાતમાં પણ લોકડાઉનની સ્થિતિ અંગે રાજ્યપાલશ્રીએ વિચાર-વિમર્શ કર્યો હતો. જીવનજરૂરી ચીજવસ્તુઓએની ઉપલબ્ધઝિ, કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ, સોશિયલ ડિસ્ટન્સીંગ માટે લેવાયેલાં જરૂરી પગલાં ઉપરાંત રાજ્યમાં આરોગ્ય સેવાની સ્થિતિ સંદર્ભે પણ રાજ્યાલશ્રીએ ઉચ્ચ અધિકારીઓ દ્વારા માહિતી આપવામાં આવી હતી.

આ બેઠકમાં આપવામાં આવેલી માહિતી પ્રમાણે રાજ્યમાં વર્તમાન સ્થિતિ અનુસાર કોરોના વાયરસ સંક્રમણના કુલ ૪૩ કેસ નોંધાયા છે અને જુદા જુદા કિસ્સામાં ત્રણ વ્યક્તિના મૃત્યુ નોંધાયા છે. રાજ્યમાં સરકાર દ્વારા ૧૨,૦૫૯ બેડની સુવિધા સાથે કુલ ૨૧૧ ક્વોરન્ટાઈન ફેસીલીટી ઉભી કરવામાં આવી છે. રાજ્યના ચાર મોટા શહેરોમાં કોરોના સંક્રમિત દર્દીઓની સારવાર માટે હોસ્પિટલ તૈયાર કરવામાં આવી રહી છે જેમાં અમદાવાદ ખાતે ૧૨૦૦ બેડની હોસ્પિટલ, સુરતમાં ૫૦૦ બેડ તેમજ વડોદરા અને રાજકોટમાં દરેકમાં ૨૫૦ બેડની હોસ્પિટલનો સમાવેશ થાય છે. રાજ્યમાં હાલ કુલ ૨૦,૩૦૪ જેટલા વ્યક્તિઓ ૧૪ દિવસના ક્વોરન્ટાઈન ઓબ્ર્ઝવેશન હેઠળ છે. ક્વોરન્ટાઈનનો ભંગ કરનાર ૧૪૭ વ્યક્તિઓ સામે પોલીસ ફરિયાદ પણ નોંધવામાં આવી છે. રાજ્યમાં આરોગ્ય વિભાગ અને અન્ય વિભાગોના સહયોગથી રાજ્યના તમામ નાગરિકોના સરવેની કામગીરી થઈ રહી છે. અત્યાર સુધીમાં બે કરોડથી વધુ લોકોનો સરવે કરાયો છે.

# પેથાપુરમાં રીક્ષાચાલક સામે જાહેરનામા ભંગનો ગુનો નોધાયો

લોકડાઉન વચ્ચે પેથાપુરમાં રીક્ષા લઈને નીકળેલા એક રીક્ષા ચાલક સામે પોલીસે જાહેરનામા ભંગનો ગુનો નોંધ્યો છે. કોરોના વાયરસની વૈશ્વિક સમસ્યાને પગલે આવશ્યક ચીજવસ્તુઓ સિવાય બીજી વસ્તુઓ પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. અનિવાર્ય સંજોગો સિવાય જાહેર જગ્યાએ તેમજ ઘરની બહાર ન નીકળવા કલેકટર દ્વારા જાહેરનામુ બહાર પડાયુ છે. પેથાપુર પોલીસ ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગમા હતી તે દરમિયાન બસ નજીક રીક્ષા સ્ટેન્ડ પાસે રીક્ષા ચાલક પોતાની સીએનજી રીક્ષા નં.જી.જે.૧૮. વાય-૪૪૦૬માં મુસાફરો લઈને જતો હતો. તે દરમિયાન ચાર થી વધુ મુસાફરોને બેસાડીને જઈ રહેલા રીક્ષા ચાલક દિપેશ જીવણભાઈ મકવાણા સામે જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધાયો છે. જયારે બીજા બનાવમાં ગાંધીનગર તાલુકાના દોલારાણા વાસણા ગામ તરફ જતા જામફળી વાસના ખુણામાં એક લાકડાનું કેબીન ખુલ્લુ હતું. કેબીનમાં તમામ સામાન કટલરીનો હતો. જીવન જરૂરીયાતની કોઈ વસ્તુ તેમા ન હતી. જેથી ચિલોડા પોલીસે કેબીન ખુલ્લુ રાખીને કટલરીનો વેપાર કરતા રાજેન્દ્રસિંહ દશરથસિંહ રાઠોડ (ઉં.૪૨) સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધ્યો છે.

આપણે સુરક્ષિત તો રાષ્ટ્ર સુરક્ષિત





એકલવાયું જીવન જીવતાં નિરાધાર નિઃસહાય વૃદ્ધો અને નિરાધાર વ્યક્તિઓને ઘરેબેઠા વિના મૂલ્યે ભોજન

લોકડાઉન દરમિયાન કોઈને પણ સહેજેય તકલીફ ન પડે તે માટે રાજ્યની સંવેદનશીલ સરકારના અગત્યના નિર્ણયો

અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર, ભાવનગર, જૂનાગઢ અને ગાંધીનગરમાં એકલવાયું જીવન જીવતાં નિરાધાર નિઃસહાય વૃદ્ધો અને નિરાધાર વ્યક્તિઓને ઘરેબેઠા સરકારી તંત્ર સ્થાનિક સેવાભાવી સંસ્થાઓના સહયોગથી વિના મૂલ્યે ભોજન પહોંચાડશે

વિના મૂલ્યે ભોજન વ્યવસ્થા માટે સંપર્ક સૂત્ર

અમદાવાદ-શ્રી પ્રશાંત પંડ્યા
હેલ્પલાઈન નં.-૧૫૫૩૦૩
સુરત-શ્રી આર. સી. પટેલ
૯૭૨૪૩૪૫૫૬૦
વડોદરા-ક્રિષ્ણાબહેન સોલંકી
૦૨૬૫-૨૪૫૯૫૦૨, ૯૬૨૪૭૮૫૪૨૭
જામનગર-શ્રી એ.કે. વસ્તાની
૦૨૮૮-૨૫૫૩૪૧૭, ૯૪૨૬૪૧૫૭૬૫
રાજકોટ-શ્રી ચેતન ગણાત્રા
૦૨૮૧-૨૪૭૬૮૭૪, ૯૯૦૯૯૯૨૭૬૭
ભાવનગર-શ્રી ડી.એમ. ગોહિલ
૦૨૭૮-૨૪૨૪૮૧૪-૧૫, ૯૮૭૯૬૩૮૪૨૬
ગાંધીનગર-શ્રી અમિત સિંઘાઈ
૯૯૦૯૯૫૪૭૦૯
જુનાગઢ-શ્રી હિતેશ વામજા
૯૮૯૮૧૪૬૮૬૫

વૃદ્ધ નિઃસહાય વડીલોને જીવનજરૂરી ચીજવસ્તુઓ પણ ઘરેબેઠા પહોંચાડવા મુખ્યમંત્રીશ્રીની સૂચના

મુખ્યમંત્રીશ્રીની સીધી દેખરેખ હેઠળ માઈક્રોપ્લાનીંગ

- ઉદ્યોગોમાં કામ કરતાં અન્ય રાજ્યના શ્રમજીવીઓ પગપાળા વતન તરફ ન જાય. તેમના ભોજન અને જીવન જરૂરીયાતની આવશ્યક ચીજવસ્તુની સગવડ સરકાર કરશે
- રાજ્યમાં આવશ્યક ચીજવસ્તુઓ-સેવાઓ નાગરિકોને મળી રહે તે માટે સમગ્ર વ્યવસ્થા પર સિનિયર અધિકારીઓ ચાંપતી નજર રાખશે. આ માટે સ્ટેટ ઈમર્જન્સી ઓપરેશન સેન્ટર ખાતે ૨૪x૭ સેન્ટ્રલાઈઝ કન્ટ્રોલરૂમ શરૂ કરાયો
- હેલ્પલાઈન નં.૧૦૭૦-૦૭૯-૨૩૨૫૧૯૦૦ પર નાગરિકો સીધો સંપર્ક કરી શકે છે
- જિલ્લા કક્ષાએ કન્ટ્રોલરૂમ નં.૧૦૭૭ પર નાગરિકો સંપર્ક કરી શકશે

રાજ્યનો એક પણ વ્યક્તિ ઘર બહાર ન નિકળે

લોકડાઉન દરમ્યાન ઘરમાં રહીને સ્વયંને કોરોના વાયરસના સંક્રમણથી બચાવીએ અને અન્યને પણ બચાવીએ - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત